દબાણ દૂર કરવા ડેપો મેનેજરે તંત્રને લેખિત રજૂઆત કરી

ડેપો સંકુલના પાછળના ભાગમાં દબાણકર્તાઓ કચરો ફેંકતા ઉકરડો થાય છે : ડેપો મેનેજર

ગાંધીનગર, તા. ૭

શહેરના એસ.ટી. ડેપો સંકુલમાં અસ્તિત્વમાં આવેલ ઉકરડો આખરે ઉલેચવામાં આવ્યો છે. ડેપો કક્ષાએથી કચરાનો ઢગ દૂર કરવા સફાઈ કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. બીજી તરફ ગંદકીના ઉદ્‌ભવસ્થાનને ડામવા ડેપો મેનેજરે જવાબદાર દબાણકર્તાઓને હટાવવા દબાણ મામલતદારને રજૂઆત કરી છે.

એસ.ટી. ડેપોના પાછળના ગેટ નજીકના વિસ્તારમાં ડેપો સંકુલની અંદર છેલ્લા કેટલાક સમયથી કચરાનો મોટો ઢગ ખડકાતા ઉકરડો અસ્તિત્વમાં આવ્યો હતો. વરસાદી પાણી વચ્ચે ગંદકીના થર જામતા ડેપોમાંથી પસાર થતા મુસાફરોએ પણ ગુંગણામણ અનુભવવી પડતી હતી. આ સ્થિતિને ધ્યાને લઈ ડેપો કક્ષાએથી સફાઈ ઝુંબેશ હાથ ધરી ગંદકી દૂર કરવામાં આવી હતી પરંતુ ડેપો સંકુલમાં વારંવાર ગંદકીના ઢગ ખડકાતા આ મામલે કચરો ફેંકતા દબાણકર્તાઓ સામે યોગ્ય પગલા લેવા ડેપો મેનેજરે રજૂઆત કરી છે. ડેપો મેનેજરના જણાવ્યા મુજબ ડેપોની કમ્પાઉન્ડ હોલ બહાર ઉભા રહેતા લારી-ગલ્લા ધારકો દ્વારા ડેપો સંકુલની અંદરના ભાગે કચરો ફેંકવામાં આવે છે જેના પરિણામે વારંવાર આ સ્થળે ગંદકી થાય છે. અગાઉ મૌખિક જાણ કરવા છતાં આ સ્થિતિમાં સુધાર ન આવતા સમસ્યાનો ઉકેલ આવતો નથી. જેના પરિણામે ડેપો સંકુલના પાછળના ગેટ પાસે દબાણ કરતા લારી-ગલ્લાઓ દૂર કરવા તેમણે દબાણ મામલતદારને લેખિત રજૂઆત કરી હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

સર્વજ્ઞાતિ મિત્ર મંડળ દ્વારા સર્વજ્ઞાતિ જીવનસાથી પસંદગી પત્રિકા તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૭

રાજ્યના સર્વજ્ઞાતિના અપરિણીત યુવક-યુવતિઓને યોગ્ય અને લાયક જીવનસાથી મળી રહે તે હેતુસર સર્વજ્ઞાતિ મિત્ર મંડળ દ્વારા 'સર્વ જ્ઞાતિ જીવનસાથી પત્રિકા' તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પત્રિકામાં અપરિણીત યુવક-યુવતિઓએ પોતાની માહિતી નોંધાવવા માટે સમયસર ફોર્મ ભરવાનું રહેશે. અભ્યાસ, ઉંમર, અનુભવ સહિતની વિગતો ધ્યાને લઈને પસંદગી થઈ શકે તે માટે આ માહિતી નોંધણી માટે મોકલી આપવાની રહેશે જેનુ સંકલન કરીને પત્રિકા બહાર પાડી નોંધણી કરાવેલ યુવક-યુવતીઓને મોકલી આપવામાં આવશે તેમ સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે. વધુમાં સંસ્થાના કન્વીનર મહેન્દ્રભાઈ ચૌહાણે અખબારી યાદીમાં જણાવ્યું છે કે ત્રિમાસીક પત્રિકામાં અષાઢી બીજના શુભારંભે નોંધણી કરાવનારને વિગતોની ઓગષ્ટ સુધી નોંધણી નિઃશુલ્ક કરવામાં આવશે.

જન્માષ્ટમી નિમિત્તે હવેલી મંદિર સે-૨૧ ખાતે ચિત્ર રંગપૂર્ણ હરિફાઈ યોજાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદના સહયોગથી તા. ૨૮ ઓગષ્ટ ૨૦૧૩ને બુધવારના રોજ જન્માષ્ટમીના પર્વ નિમિત્તે બાળકો અને સિનિયર સિટિઝન વૈષ્ણવ ભાઈ બહેનો માટે ચિત્ર રંગપૂર્ણ હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું છે.

પ.પૂ.ગો. ૧૦૮ શ્રી ઈન્દિરાબેટીજી અમૃત મહોત્સવના શુભ અવસરને અનુલક્ષીને ચિત્ર રંગપૂર્ણ હરિફાઈનું આયોજન જન્માષ્ટમીના દિને હવેલી મંદિર સે-૨૧ ખાતે સવારે ૯ થી ૧૦.૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

આ હરિફાઈ ત્રણ ગ્રુપમાં યોજાશે. જેમાં ૭ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૫ વર્ષ અને ૨૬ વર્ષથી ઉપરની વય સુધી તેમજ હરિફાઈ અંગેનું ફોર્મ રૂ. ૧૦ આપી કાર્યાલય ખાતેથી તા. ૨૪-૮-૧૩ સુધી મેળવી લેવું તેમજ તા. ૨૫-૮-૧૩ સુધી ફોર્મ સ્વીકારવામાં આવશે. ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ તેવું ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ ડી.એફ. શાહે અખબારી યાદીમાં જણાવ્યું છે.

શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાઈ

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક દરમિયાન ઈમ્પેક્ટ ફી અને રખડતા ઢોરના ત્રાસના પ્રશ્ન અંગે તંત્ર સમક્ષ યોગ્ય રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો હતો. પરિષદના મહામંત્રી નિરંજન ઓઝાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે સંસ્થાના પ્રમુખ લવજીભાઈ વાડીયાના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. જેમાં શહેરમાં રખડતા ઢોરના પ્રશ્ન, સફાઈની કામગીરી ઉપરાંત, ઈમ્પેક્ટ ફીના મામલે ઉદભવેલા જનઆક્રોશને ધ્યાને લઈ ચોકકસ વિગતો પ્રાપ્ત કરી તંત્ર સમક્ષ યોગ્ય રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો હતો.

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા.૭

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ચોટીલા, જડેશ્વર, સાત હનુમાન મંદિર, બીલેશ્વર મહાદેવ, ત્રિમંદિર વગેરે સ્થળોનો પ્રવાસ તા. ૧૪-૮-૧૩ને બુધવારના રોજ યોજવામાં આવેલ છે. પ્રવાસમાં જોડાવુ હોય તે બહેનોએ વહેલા તે પહેલાના ધોરણે નામ આશાબેન ભટ્ટ ૯ તેજસ સોસાયટી, સે-૨૩ ફોન-૨૩૨૨૫૬૫૬, જયશ્રીબેન ભટ્ટ પ્લોટ નં. ૧૯૩/૧, સે-૬-બી-ફોન-૨૩૨૨૭૯૨૮, ચંદ્રિકાબેન રાવલ, પ્લોટ નં. ૧૦૩૧/૨, સે-૪-એ ફોન-૨૩૨૩૦૧૪૫, જ્ઞાનદેવી ઉપાધ્યાય, પ્લોટ નં. ૪૯૭/૨, સે-૫-એ ફોન-૨૩૨૪૧૪૫૨, નીશાબેન જોશી-૯૯૧૩૮ ૪૦૧૭૬ને નોંધાવવા પ્રમુખ પ્રતિભાબેન દવેએ અનુરોધ કર્યો છે.

સિનીયર સીટીઝન્સ કાઉન્સીલ દ્વારા સંગીત સંધ્યા ઉજવાઈ

સિનિયર સીટીઝન્સ કાઉન્સીલ ગાંધીનગરના સાંસ્કૃતિ કાર્યક્રમ હેઠળ તા. ૩૦ જુલાઈને મંગળવારે સાંજે સંગીત સંધ્યા કાર્યક્રમ યોજયો હતો. કાઉન્સીલના સભ્યો હોય તે ભાઈ-બહેનોએ પોતાના સંગીતના શોખને પોષવા, સૂર અને તાલના સથવારે જહોન પીટરના સંગીત ગ્રુપ સાથે મળી ફિલ્મી ગીતો, ભજનો, ગઝલો ગાઈને ઉજવી હતી. સાંસ્કૃતિ સમિતિના કન્વીનર હરેશ ભટ્ટે સ્વાગત પ્રવચન કર્યું હતું. સાંસ્કૃતિ ફંડ બનાવવા વિનંતી કરી હતી. ફેશન શોનો નવતર પ્રયોગ કર્યો. જેમાં હરેશ ભટ્ટ, નલીન ભટ્ટે શેઠ-શેઠાણી અશ્વીનભાઈ શાહ- દામિની શાહ જાદુગર દંપતી સુરેશ પંડ્યા, મીના પંડ્યા, પરદેશી દંપતીમાં ભાગ લઈ મનોરંજન પુરુ પાડેલ હતું. સંચાલન અને આભારદર્શન હસમુખભાઈ શાહે કર્યું હતું.

મારા પતિ મને બહુ હેરાન કરે છે તેમે જલદી આવી જાવ

પોલીસને ફોન કરી બોલાવી લઈ પરિણીતાએ દવા ગટગટાવી...!

પી.સી.આર. વાનમાં પોલીસ પરિણીતાને હોસ્પિટલ લઈ ગઈ અને પતિ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો : પરિણીતાની હાલત સ્થિર

ગાંધીનગર, તા.૭

શહેરના સે-૨૧ પોલીસ મથકે આજે સવારે સાડા દશ વાગ્યાના સુમારે એક પરિણીતાનો ફોન આવ્યો, 'મારા પતિ મને બહુ હેરાન કરે છે, તમે જલદી આવી જાવ...' પોલીસે સરનામું મેળવીને પીસીઆર વાન જીઈબીમાં મોકલી ત્યાં પરિણીતાએ વંદા મારવાના ચોકને પાણીમાં ઓગાળીને ગટગટાવીલીધું હતું. પોલીસે આ દૃશ્ય જોઈને તાત્કાલીક પરિણિતાને પીસીઆર વાનમાં બેસાડીને હોસ્પિટલ ખાતે વાન ફેરવી મુકી હતી હાલ પરિણિતા સારવાર હેઠળ છે અને હાલત સ્થિર છે. પોલીસે તેણીની ફરિયાદને આધારે પતિ વિરૂધ્ધ શારીરિક-માનસિક ત્રાસનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર ખાતે સ્થિત જીઈબી સ્ટાફ કવાર્ટસમાં રહેતા ધનજીભાઈ વસ્તાભાઈ લેઉવા જીઈબીમાં ઓપરેટર તરીકે ફરજ બજાવે છે અને તેમને ૧૭ વર્ષની દિકરી અને ૨૦ વર્ષનો દિકરો મળી બે સંતાન છે. ધનજીભાઈની પત્નિ ૪૨ વર્ષીય રંજનબેને આજે સવારે ૧૦.૩૫ વાગ્યે સે-૨૧ પોલીસ મથકે ફોન કર્યો હતો અને કહ્યું હતું કે તેમના પતિ તેમને ખુબ ત્રાસ આપે છે. જલ્દી ઘરે આવી જાવો. પોલીસે સરનામું લઈને પી.સી.આર. વાન મોકલી દીધી હતી. તાબડતોબ પહોંચેલી પીસીઆરની ટીમે ત્યાં પહોંચીને જોયું તો રંજનબેન વંદા મારવાના ચોક ઓગાળીને પી ગયા હતાં. ઘરે પતિ હાજર ન હતાં તેઓ ઓફીસ ગયેલા હતાં. પોલીસે તેમને જાણ કરીને હોસ્પિટલ બોલાવી લીધા ને રંજનબેનને પીસીઆર વાનમાં જ બેસાડીને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈને આવ્યા હતાં. હાલ રંજનબેન સારવાર હેઠળ છે. તેણીની હાલત સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે. મામલતદાર સમક્ષ તેમણે ડાંઈંગ ડીકલેરેશન (ડી.ડી)માં લખાવ્યું હતું કે પતિ ત્રાસ આપે છે તેથી દવા પીધી છે. જેને પગલે સે-૨૧ પીએસઆઈ સી.આર. પરમારે પતિ વિરૂધ્ધ ગુનો નોંધી ઊંડી તપાસ આરંભી છે.

પાકિસ્તાનની નાપાક પ્રવૃત્તિઓ સામે કેન્દ્ર સરકારની ઢીલી નીતિ અંગે ગાંધીનગર મહાનગર ભાજપ પરિવાર દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું હતું. શહેરમાં સૂત્રોચ્ચાર અને રેલી દ્વારા વિરોધ વ્યક્ત કરતા વિરોધ કરાયા હતા. (તસવીર : દિપક જાની)

શ્રી અરવિંદના જન્મદિન નિમિત્તે સે. ૨૩ના કેન્દ્ર ખાતે ખાસ કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૭

શહેરના સેક્ટર-૨૩, શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે શ્રી અરવિંદના જન્મ દિવસ નિમિત્તે ૧૫મી ઓગષ્ટે (ગુરૂવારે) ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯ થી ૧૨ દરમ્યાન ધ્યાન, પ્રાર્થના તથા પુસ્તક 'સાવિત્રિ શબ્દકોષ' તથા 'ચાલો જીવનને મધુર બનાવીએ'નું વિમોચન રાખવામાં આવ્યું છે, તે ઉપરાંત સુ. શ્રી જ્યોતીબેન થાનકીનું 'શ્રી અરવિંદનું જગતને પ્રદાન' વિષય પર જાહેર પ્રવચન રાખવામાં આવ્યું છે જ્યારે સાંજે ૪.૩૦ થી ૭.૩૦ દરમ્યાન આંબેડકર હોલ, સે. ૧૨ ખાતે સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય તથા સંગીત સંધ્યા પ્રસ્તુત કરવામાં આવશે. શ્રી અરવિંદ કેન્દ્ર, ગાંધીનગરના ચેરમેન સી.કે. તન્નાએ આ પ્રસંગનો લાભ લેવા સર્વે નગરજનોને હાર્દિક નિમંત્રણ આપ્યું છે.

રાંધેજાના લાપતા યુવાનનો કેનાલમાંથી મૃતદેહ મળ્યો

ખોરજ કેનાલ પાસે પડેલા બાઈકના નંબરથી મૃતક યુવાનની ઓળખ થઈ

ગાંધીનગર, તા. ૭

બે દિવસથી લાપતા બનેલા રાંધેજા ગામના ૨૬ વર્ષીય યુવાનનો ખોરજ નર્મદા કેનાલમાંથી તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલીસે કેનાલ બહાર પડેલા બાઈકના નંબરને આધારે તપાસ કરીને રાંધેજાના મૃતક યુવાનના વાલી વારસ સુધી પહોંચી હતી. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલીને અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર નજીકના રાંધેજા ગામમાં દાદા-દાદી સાથે રહેતો ૨૬ વર્ષિય યુવાન બિપીન મુકેશભાઈ પટેલ દરરોજ સવારે ટીફીન લઈને ઘરેથી બાઈક લઈ ઓફીસ જતો હોવાનું કહીને નીકળી જતો હતો. રૂપિયા વાપરવાનો શોખીન યુવાન ક્યાં નોકરી કરતાં હતો તે દાદા-દાદીને કહેતો નહી...! દરરોજ સાંજે ૮ વાગ્યે ઘરે આવી જતો બિપીન બે દિવસથી ઘરેથી લાપતા હતો. ઓફીસ જવા નીકળેલો બિપીન બે દિવસથી ઘરે આવ્યો ન હતો. પરીવારજનો પણ ચિંતાતુર હતો. દરમ્યાન આજે બપોરના અરસામાં ખોરજ નર્મદા કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. જમાદાર ભીખુભાઈએ મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા ઓળખ થાય તેવું કંઈ મળ્યું ન હતુ. બહાર એક બાઈક પડ્યુ હતુ. તેના નંબરને આધારે તપાસ કરીને પોલીસ રાંધેજા પહોંચી હતી. અડાલજ પોલીસે સમગ્ર ઘટનાની તપાસ આરંભી છે.

દહેગામ નગરપાલિકા આયોજીત વર્મી ખાતરનો પ્લાન્ટ દહેગામ લવાડ જવાના સ્મશાન માર્ગ પર આવેલો છે. દહેગામ નગરમાંથી નગરપાલિકા દ્વારા ડોર-ટુ ડોર ના આયોજનથી કચરો શહેરની સોસાયટીઓમાંથી તેમજ રેસિડન્ટ વિસ્તારોમાંથી ઉઘરાવેલ કચરામાંથી વર્મી કંમ્પોઝ પ્લાન્ટમાં ખાતર બનાવવામાં આવે છે. જેમાં વરસાદી પાણી ભરાઈ જતા પ્લાન્ટમાં મોટુ નુકશાન થવા પામેલ છે. (તસવીર : નિખિલ શાસ્ત્રી)

ગાંધીનગર મહાનગરના ભાજપના બક્ષીપંચના મોરચાના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર શહેરના ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ નીતિનભાઈ પટેલ તથા બક્ષીપંચ મોરચાના મહાનગરના પ્રમુખ અંબાલાલભાઈ દરજીએ મહાનગર બક્ષીપંચના મોરચાના હોદ્દેદારોની જાહેરાત કરી હતી. ઉપાધ્યક્ષ તરીકે રાણાજી ઠાકોર, કરશનભાઈ ચાવડા, મહેશભાઈ રબારી, પ્રવિણભાઈ ચૌધરી, મહામંત્રી રીકી ભીમાણી આહિર, કાનાજી આર. ઠાકોર. મંત્રી તરીકે મંગળદાસ પટણી, જયદેવભાઈ પંચાલ, ભરતભાઈ રાવલ, બળદેવભાઈ ભરવાડ. અંજનાબેન બારોટ, કોષાધ્યક્ષ અજયભાઈ પ્રજાપતિ, કાર્યાલય મંત્રી માંગીલાલ ગુર્જરની નિમણૂક કરવામાં આવી છે.

અમરેલી જિલ્લા પરિવાર ટ્રસ્ટ દ્વારા ગળધરા ખોડીયાર ધામ પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા. ૭

અમરેલી જિલ્લા પરિવાર ટ્રસ્ટ પરિવારના સભ્યોએ ધારી ખાતે આવેલ ગળધરા ખોડીયાર માતાજીના દર્શને સહકુટુંબ સ્વખર્ચે જવાના કાર્યક્રમનું આયોજન તા. ૧૮ ઓગષ્ટ-૨૦૧૩ને રવિવારના રોજ કરવામાં આવ્યું છે. આ પ્રવાસમાં જોડાવા માગતા સભ્ય પરિવારોએ તેમના નામ તા. ૧૦-૮-૧૩ સાંજ સુધીમાં ઉમેશભાઈ વ્યાસ મેનેજીંગ ટ્રસ્ટી ૯૪૨૬૪૧૫૭૯૯, ગોવિંદભાઈ દુધાત મંત્રી - ૯૪૨૮૬૦૬૯૨૨, જી.એલ. વાળા સહમંત્રી - ૯૪૨૭૬૨૨૧૦૯, બાવકુભાઈ વાળા સહમંત્રી - ૯૮૨૪૩૧૪૮૪૧, ડી.એમ. પટેલ સહમંત્રી-૯૪૨૬૭૬૯૬૦૬ ઉપર દર્શાવેલ સભ્યો પાસે નોંધાવવાના રહેશે. આ પ્રવાસ ટ્રસ્ટના ઉપયોગ માટે એક મકાન ખરીદેલ છે જેની ખુશાલી સ્વરૂપે કરવામાં આવ્યું છે. ઉપરાંત ટ્રસ્ટના સભ્યોના સંતાનો માટે વિદ્યાર્થી પુરસ્કાર સમારોહ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ સપ્ટેમ્બર માસના પ્રથમ પખવાડીયામાં યોજાશે. ધોરણ-૧ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ માર્ચ-જુન-૨૦૧૩માં લેવાયેલ પરીક્ષાના પરિણામની ખરી નકલ ઉપરોક્ત સભ્યો અથવા સેક્ટરના પ્રતિનિધિઓને તા. ૩૧-૮-૧૩ સુધી પહોંચાડવાની રહેશે. ત્યારબાદ આવેલી માર્કશીટની નકલ ઉપર ધ્યાન દેવામાં આવશે નહી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૯
સૂર્યાસ્ત : ૭.૧૦

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૬૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ સ્મુર્ફસ-૨ ૩ડી(હિન્દી): ૧૦.૩૦, ૩.૩૦, ૫.૪૫, ૮.૦૦
ધ વોલ્વેરીન ૩ડી(હિન્દી) : ૧૨.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૩૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦

: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૪ :
રબ્બા મેં ક્યા કરું : ૧૨.૦૦, ૫.૨૦, ૧૦.૪૦
ડી-ડેય : ૨.૨૦, ૭.૪૦

સૂર્યા, વાવોલ

રબ્બા મેં કયા કરું : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રબ્બા મે કયા કરું : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સીંઘમ-૨ : ૧.૩૦
ચોર ચોર સુપર ચોર : ૪.૩૦

: સ્ક્રીન-૨ :
બી.એ. પાસઃ ૧૦.૧૫, ૭.૩૦
રમૈયા વસ્તાવૈયા : ૧.૦૦, ૧૦.૧૫
સીંઘમ-૨ : ૪.૦૦

: સ્ક્રીન-૩ :
સીંઘમ-૨ : ૧૦.૪૫, ૭.૦૦
બી.એ. પાસ : ૨.૦૦, ૧૦.૧૫
રમૈયા વસ્તાવૈયા : ૪.૩૦

વિરાગ, કલોલ

રબ્બા મેં કયા કરું : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- અષાઢ વદ-૧૪ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેક્ટર-૨૧ ખાતે આજે લીલા મેવાના હિંડોળા
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે બંકિમભાઈ મહેતાના નિવાસ સ્થાન પ્લોટ નં. ૬૬૮/૨, પંચવટી પાર્ક ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના.
- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે નવીનભાઈ વ્યાસના નિવાસ સ્થાન પ્લોટ નં. ૧૪૧/૪, કડી સ્કૂલ- ૪ નંબર ગેટની સામે નવરાત્રી ચોક પાસે શિવ મહિમ્ન પાઠ.
- શ્રાવણ માસ નિમિતે શ્રી રામજી મંદિર, વાવાલો ખાતે મંહત મધુસૂદનદાસજી બાપુના સાંનિધ્યમાં ભાગવત કથા અને સુકામેવાના હિંડોળા

આપની આજ

મેષ : શત્રુ પરાસ્ત થશે. સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

વૃષભ : સંતાનપક્ષ તરફથી સુખદ સમાચાર મળશે. ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે.

મિથુન : પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

કર્ક : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

તુલા : આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

મકર : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

કુંભ : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

મીન : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

ચિરવિદાય

- સ્વ. હસુમતીબેન હર્ષદભાઈ ભાવસાર (ઉ.વ.૬૨) પ્લોટ નં.૧૧૧/૨, સેક્ટર-૬/બી, ગાંધીનગર
- સ્વ. લક્ષ્મણદાસ વિસનદાસ સિંધી (ઉ.વ.૬૦) મુ.પો. તારાપુર, તા., જિ. ગાંધીનગર
- સ્વ. ભીખાભાઈ ભુરાભાઈ ઠાકોર (ઉ.વ.૫૮) મુ.પો. બાસણા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. જુગાજી કાનાજી ઠાકોર (ઉ.વ.૬૫)મુ. ફતેહપુરા, પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર